ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૯/૦૪/૨૦૨૬

સંદર્ભ: સામાન્ય વહીવટ વિભાગની તા.૨૭/૦૪/૨૦૨૬ની અધિસૂચના ક્રમાંક: સચવ/૧૫૨૦૨૬/૦૯/ગ.૨ સેલ

અધિસૂચના:

ક્રમાંક:- RD/EOA/e-file/15/2024/1635/B

(૧)

સામાન્ય વહીવટ વિભાગની તા.૨૭/૦૪/૨૦૨૬ની સંદર્ભદર્શિત અધિસૂચનાથી નીચેના કોષ્ટકના ક્રમ.૧ પર દર્શાવેલ નાયબ સચિવની બદલી કરીને નિમણૂક માટે તેમજ ક્રમ ૨થી ૫ પર દર્શાવેલ સચિવાલય સેવાઓ હેઠળના ઉપસચિવ વર્ગ-૧ (પગાર ધોરણ રૂ.૫૬,૧૦૦- ૧,૭૭,૫૦૦ પે મેટ્રીક્સ લેવલ-૧૦ #) સંવર્ગમાં ફરજ બજાવતા અધિકારીઓને નાયબ સચિવ વર્ગ-૧(પગાર ધોરણ રૂ.૭૮,૮૦૦-૨,૦૯,૨૦૦/- પે મેટ્રીક્સ લેવલ-૧૨) સંવર્ગમાં હંગામી ધોરણે બઢતી આપીને આ વિભાગમાં નાયબ સચિવ તરીકે નિમણૂક માટે ફાળવવામાં આવેલ છે.

નીચે મુજબના પત્રકમાં દર્શાવ્યા મુજબના અધિકારીઓને તેમના નામ સામે કોલમ-૩માં દર્શાવેલ તારીખથી વિભાગમાં હાજર થયેલ હોઈ, હાજર થયા તારીખથી મહેસૂલ વિભાગ ખાતે નાયબ સચિવ તરીકે નિમણૂક આપીને, તેઓના નામ સામે કોલમ-૪માં દર્શાવેલ નાયબ સચિવની જગ્યાએ આ અધિસૂચનાની તારીખથી મૂકવામાં આવે છે.

ક્રમ	અધિકારીનું નામ	વિભાગમાં હાજર થયા તારીખ	નિમણૂકની જગ્યા
(૧)	(૨)	(૩)	(૪)
૧	શ્રી ડી.બી.નિમાવત	તા.૨૯/૦૪/૨૦૨૬	નાયબ સચિવ (સ્ટેમ્પ)
૨	કુ.નેન્સી એમ.મુનશી	તા.૨૮/૦૪/૨૦૨૬	નાયબ સચિવ (મહેકમ)
૩	શ્રી તુષાર એલ.પટેલ	તા.૨૮/૦૪/૨૦૨૬	નાયબ સચિવ (આઇ.ટી/સંકલન)
૪	શ્રી મનોજકુમાર એન.જેઠવા	તા.૨૮/૦૪/૨૦૨૬	નાયબ સચિવ (તપાસ)
૫	શ્રી જયરાજ એમ.ચાવડા	તા.૨૮/૦૪/૨૦૨૬	નાયબ સચિવ (બજેટ)

(૨)

શ્રી એચ.સી.પટેલ, સંયુક્ત સચિવશ્રી(જ.સુ.)ને શ્રી ભાવિન પટેલ,નાયબ સચિવ(જમીન)ની તા.૦૧/૦૫/૨૦૨૬થી તા.૧૫/૦૫/૨૦૨૬ સુધી (પાછળ આવતી તા.૧૬/૦૫/૨૦૨૬ અને તા.૧૭/૦૫/૨૦૨૬ સુધીની જાહેર રજા) દરમિયાન રજા પર જવાના હોય, તેમની રજા દરમિયાન તા.૦૧/૦૫/૨૦૨૬થી તા.૧૭/૦૫/૨૦૨૬સુધી નાયબ સચિવ(જમીન)નો વધારાનો હવાલો તેમની હાલની ફરજો ઉપરાંત સોંપવામાં આવે છે.

(૩)

સુશ્રી શીતલ ગોસ્વામી, પ્રોજેક્ટ ઓફિસર (SMC)ને શ્રી સુજલ મયાત્રા, આઈ.એ.એસ.ની બદલીથી ખાલી પડેલ નાયબ સચિવ(યુ.એલ.સી.)ની જગ્યાનો વધારાનો હવાલો તેમની હાલની ફરજો ઉપરાંત આ અધિસૂચનાની તારીખથી સોંપવામાં આવે છે. અને શ્રી એચ.સી.પટેલ,સંયુક્ત સચિવ(જ.સુ.)ને નાયબ સચિવ(યુ.એલ.સી.)ના વધારાના હવાલામાંથી મુક્ત કરવામાં આવે છે.

(૪)

શ્રી ડી.બી.નિમાવત, નાયબ સચિવ (સ્ટેમ્પ)ને શ્રી ભાવિન પટેલ, નાયબ સચિવ(જમીન સંપાદન)ની બદલીથી ખાલી પડેલ નાયબ સચિવ (જમીન સંપાદન)ની જગ્યાનો વધારાનો હવાલો તેમની હાલની ફરજો ઉપરાંત આ અધિસૂચનાની તારીખથી સોંપવામાં આવે છે.

(૫)

શ્રી ઋત્વિજ સોનાગરા, ઉપસચિવ (બજેટ)ને સુશ્રી હિનાબા જાડેજા, ઉપસચિવ(જમીન)ની બઢતી સાથે થયેલ બદલીથી ખાલી પડેલ ઉપસચિવ (જમીન)ની જગ્યાનો વધારાનો હવાલો તેમની હાલની ફરજો ઉપરાંત આ અધિસૂચનાની તારીખથી સોંપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડૉ. અજીત આર્ય
સરકારના ઉપસચિવ

ક્રમાંક- RD/EOA/e-file/15/2024/1635/B

મહેસૂલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (મહેસૂલ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.),સામાન્ય વહીવટ વિભાગના રહસ્ય સચિવશ્રી, સા.વ.વિ. સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી (જ.સુ.) અને હોદ્દાની રૂએ સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સંબંધિત નાયબ સચિવશ્રીઓ/ ઉપસચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી(આઈ.ટી.), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર

- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
- રોકડ શાખા(૩ નકલ), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સંબંધિત શાખાઓ, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સામાન્ય વહીવટ વિભાગ,ગ.૨ સેલ શાખા, સચિવાલય, ગાંધીનગર
- ઉપસચિવશ્રી, એચ.આર.એમ.એસ.સેલ સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સીનીયર એક્ઝીક્યુટીવશ્રી, એકસ્પ્લોરા કંપની,બ્લોક-નં-૬/૩ માળ, સચિવાલય ગાધીનગર
- મહેસુલ વિભાગના જીઆઇએલ/ ઈ-સરકારના પ્રતિનિધિ (લોગ-ઈનમાં ફેરફાર કરવા સારૂ)
- ખાનગી અહેવાલ સંગ્રહ
- સિલેક્ટ ફાઈલ

(રાહુલ લેઉવા)
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર